રેકિ વિદ્યાનિકેતન
શ્રી સ્વામી સમર્થ મઠ
દેવરૂખ કાટવલી માર્ગ
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત.
ટેલીફોનઃ૯૧૨૩૫૪૨૪૧૩૨૨

# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૪ અંક ૩ ફેબ્રુઆરી ૨૦૧૨

આ અંક અંતર્ગત :

ઉપચારક જાણે કે નિર્મળ દર્પણ ૧
મિડીયાની ભૂલ કે ભય? ૨
John Hopkins Hospital Updates on Cancer ૩
Forgive them anyway ૪
રેકિ અને મનોવિજ્ઞાન ૫
રેકિના પાંચ સિદ્ધાંતો ૬
દેવરૂખમાં મહાશિવરાત્રી ૭
આશ્રમજ્ઞાન ૮
રેકી સેમિનારનું સમયપત્રક

## ઉપચારક જાણે કે નિર્મળ દર્પણ

રેકિના ક્લાસમાં કાયમ પૂછાતો પ્રશ્ન કે શું રેકિ ઉપચારનું પરિણામ ઉપચારકની ગુણવત્તા પર નિર્ભર કરે છે ? મોટા ભાગના પારંગત શિક્ષકો પણ આ પ્રશ્નથી કાયમ અચકાય છે. ઉત્તર જટિલ છે કારણ તે “હા” પણ હોઇ શકે છે અને “ના” પણ હોઇ શકે છે. બંને ઉત્તરો સાચા હોઇ શકે છે અને બંને ઉત્તરો ખોટા પણ હોઇ શકે છે. રેકિ એ તો જ્ઞાનેન્દ્રિયોની અનુભૂતિ છે. ઉત્તર વિસ્તીર્ણ અથવા ગર્ભીત અર્થ સૂચક છે. ઉપચારક - ઉપચાર – પરિણામ - ગુણવત્તા વગેરેની ઉચિત પરિભાષા આપવા યોગ્યતા હોવી જરૂરી છે. આ શબ્દોની ખોટી સમજણ ખોટા પરિણામ સર્જી શકે છે.

રેકિહિલીંગના સંદર્ભે હીલીંગ એ કોઇ ચોક્કસ પદ્ધતિ નથી.પરંતુ તે તો તેનાથી વિશેષ કંઇ છે. તે જીવનની સંપૂર્ણ સ્વસ્થતાના દ્રષ્ટિકોણ વિશે સંબંધિત છે. પરિણામ નો અર્થ અલગ બાબત છે જે ઘણાને ભ્રમિત કરે છે. મોટાભાગે જેમ રોગનું કારણ દેખાતું નથી તેમ ઉપચારનું પરિણામ પણ દેખાતુ નથી. પરિણામ છે પણ તે સમજવા આપણી જ્ઞાનેન્દ્રીયોની મર્યાદાઓના કારણે દેખાતુ નથી. માનવજીવનની પ્રવૃત્તિઓ પ્રત્યે વાત કરતા જણાય છે કે વાસ્તવિકતામાં ઉપચારક જેવુ કાંઇ છે જ નહી. કોઇપણ વ્યક્તિ દિવ્યશક્તિ પ્રાપ્ત કરવાનું માત્ર માધ્યમ છે. એ દિવ્યશક્તિ જ ઉપચારક છે. મધ્યસ્થિ તરીકે સાત્વિક માધ્યમ બની પ્રયત્નશીલ રહેવાનું અને તે સાત્વિકતા જાળવી રાખવી જ ઘટે. આધ્યાત્મિક સિદ્ધાંતો આ જ સૂચવે છે. પવિત્રતા એજ ગુણવત્તા છે. આ પવિત્રતા – પારદર્શકતા જ જીવનને ક્રિયાન્વિત – પદ્ધતિશીલ કરે છે. વહેલી સવારે બારીના કાચમાંથી સૂર્ય કિરણ આપણા ઘરમાં પ્રવેશે છે. ત્યારે કાચ ઉપર પડેલ ધૂળ અને ગંદકી થી અનુભવની ગુણવત્તા નક્કી થાય છે. જો કાચ સારી રીતે સ્વચ્છ કરેલ નહી હોય, તો તમારા ઘરે પ્રવેશનાર આ અલૌકીક શક્તિના સુંદર ક્ષણોથી વંચિત રહેશે. આ ધૂળ અને ગંદકી પ્રવેશ કરનાર દૈવ્યશક્તિને તમારાથી દૂર રાખશે.

ઉપચારકની યોગ્યતાના આધારે ઉપચારકના પ્રકાર કેટલા તેવું કોઇએ પૂછ્યું હતુ. તેના જુદા જુદા પ્રકાર છે. સર્વોચ્ચ ઉપચારક કે જે પ્રાપ્ત થયેલ સર્વમાં થોડુક ઉમેરીને આપે. બીજો ઉપચારક કે જે કંઇ જ ઉમેરો કર્યા વગર આપે. દા.ત. તમને કોઇએ રૂ. ૫૦૦ ની નોટ બીજાને આપવા માટે આપી હોય. કોઇ એક વ્યક્તિ તેને કોઇ સુંદર પરબિડિયા માં મુકીને આપે તો કોઇ તેને જેમની તેમ જ આપી દે છે. આ બંને વ્યક્તિએ તેઓને જે મળ્યુ તે એમને એમ જ આપ્યું. પરંતુ અન્ય કોઇ આ ૫૦૦ ના છૂટા મેળવી તેટલી જ રકમ આપી દે. તો કોઇ ઓછી રકમ આપી થોડી પોતાની પાસે પણ રાખી લે. આમ ઉપચારક અનેક પ્રકારના છે. અને ઉપચારની ગુણવત્તા એ શુદ્ધતા અને પવિત્રતા પર નિર્ભર કરે છે.

## મિડીયાની ભૂલ કે ભય ? - રાજેશ ઠકાર

દરેક વખતે જ્યારે જ્યારે ભારતમાં ઉગ્ર આતંકવાદી પ્રવૃત્તિ થાય છે ત્યારે ટિવી ઉપર ન્યૂઝ ચેનલો આ આતંકવાદી પ્રવૃત્તિઓને જોરશોરથી પ્રસારીત કરતા હોય છે. સાથે સાથે રેકિ ચેનલો પણ લોકો ના પ્રશ્નો જેમ કે - " આતંકવાદી અને રેકિ નો શો સબંધ? અને જો છે તો પણ આવું ભયાનક કૃત્યુ? "ના ઉત્તરો આપવામાં વ્યવસ્ત થઇ જાય છે. મને હંમેશા એવો વિચાર આવે છે કે લોકો અને મિડીયાને એ જણાવવાનો સમય આવી ગયો છે કે આપણી પ્રિય રેકિનો અને તથાકથિત આતંકવાદી રેકિ સાથે કંઇ લેવા દેવા નથી. હું ખરેખર ઇચ્છુ છુ કે આતંકવાદીઓ આપણી રેકિનો અમલ કરે જેથી તેઓ ક્યારે પણ આવી આતંકવાદી પ્રવૃત્તિ કરે જ નહિ. તારીખ ૬ માર્ચ ૨૦૧૨ ના ગુજરાતી દૈનિક "સંદેશ" માં પ્રસિદ્ધ કરાયેલ લેખ પ્રસ્તુત કરું છું –

આપણો સૂફી ભક્તકવિ અખેરામ સોની ભલે કહી ગયો હોય કે ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર.......... કેટલીક વાર તદ્દન ખોટ્ટા શબ્દો ચલણી બની જતા હોય છે. કેટલીકવાર હાસ્યાસ્પદ પ્રયોગો પણ થતા હોય છે. અગાઉ બા કે મા શબ્દ દરેક પરિવારમાં "જીભવગો" હતો. પછી મમ્મી આવ્યાં અને હવે "મોમ" (મીણ) બની ગયાં અને બાપુજી કે પિતા જીવતેજીવ "ડેડ" બની ગયા. આ તો ફક્ત એકાદ બે દાખલા આપ્યા. દિલ્હીમાં જિહાદી આતંકવાદી પકડાયા અને અમદાવાદમાં બેંક લૂંટનારા પકડાયા ત્યારે હંમેશની જેમ અખબારી હેવાલોમાં એવું છપાયું કે આ લોકોએ અપરાધ આચરતાં પહેલાં "રેકિ" કરી હતી. આ શબ્દ બહુ મોટો અનર્થ સર્જે છે . રેકિ તો એક અત્યંત પવિત્ર અને આધ્યાત્મિક પ્રયોગ છે જેમાં રેકિ કરનાર વ્યક્તિ કોઇ બીમાર કે લાચાર વ્યક્તિના કલ્યાણ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. અપરાધીઓ કે આતંકવાદીઓને એ રેકિ સાથે સ્નાન-સૂતકનોય સંબંધ નથી.

તો પછી આતંકવાદીઓ કે ગુનેગારો કરે છે એ શું? એવો પ્રશ્ન સૌને થશે. મૂળ એક ફ્રેન્ચ શબ્દ છે રેકોનોઇત્ર. અંગ્રેજીમાં એ શબ્દ પરથી રેકગ્નાઇસ શબ્દ આવ્યો. ઓક્સફોર્ડ ડિક્શનરીમાં આ શબ્દને આ રીતે સમજાવ્યો છે. – Reconnoitre meaning – Approach and try to learn position and condition or strategic features of enemy or place. આમ તો સાવ સરળ ભાષા માં આ વ્યાખ્યા રજૂ થઇ છે. એનો સાર એટલો જ કે શત્રુ અથવા કોઇ સ્થળ ચોક્કસ કેવું અને કયાં છે એનું સ્થાન , ત્યાંની પરિસ્થિતિનો અભ્યાસ કરવો કે એ સ્થળનાં વ્યૂહાત્મક લક્ષણો ઓળખવાં. વાસ્તવમાં આ શબ્દ અંધારી આલમ અને લશ્કરી અધિકારીઓ બંને વાપરે છે અને આપણે કેટલાક શબ્દો ટૂંકાવીને એસએમએસ કરીએ એ રીતે એ લોકો ફક્ત રેકો શબ્દનો ઉપયોગ વાતચીત દરમિયાન કરે છે. ખાસ કરીને ઇટાલિયન ડ્રગ માફિયાં અને આતંકવાદીઓ રેકો શબ્દ છૂટથી વાપરે છે. આ સ્થળની આસપાસ કેવીક ભીડ હોય છે, ત્યાંથી નાસી જવાનું કેટલી હદે સરળ છે, ત્યાં ટ્રાફિકની અવરજવર કેવીક હોય છે, ત્યાંથી પોલીસ સ્ટેશન કેટલું દૂર છે, ત્યાંથી હૉસ્પિટલ કેટલા અંતરે છે? ૨૦૦૮ ના નવેંબરની ૨૬મીએ મુંબઇમાં દરિયાઇ માર્ગે ગેટ વે ઓફ ઇન્ડિયા પરથી પાકિસ્તાની આતંકવાદીઓ ત્રાટક્યા એ આપણે સૌ જાણીએ છીએ. એ અગાઉ તાજમહાલ હોટલમાં તથા અન્ય વિસ્તારોમાં "રેકો" કરવામાં આવેલો એ હકીકત પણ હવે પૂરવાર થઇ ગઇ છે. પરંતુ આપણી રેકિ અને પેલો રેકો વચ્ચે દૂર દૂરનો ય સંબંધ નથી. કોણ જાણે શી રીતે આ બે શબ્દો એકબીજા સાથે મિક્સ થઇ ગયા છે. એને કારણે રેકિ જેવી આધ્યાત્મિક વિદ્યાશાખા પણ બદનામ થાય છે. રેકિના સાચા ઉપાસકોએ તો ઘણા ગંભીર બીમારીનો ભોગ બનેલા લોકોને કોઇ દવા - ઈંજેક્શન વિના સાજા કર્યા છે. એટલે આ શબ્દ હવે પછી સાચા અર્થમાં વપરાય એવી અપેક્ષા આપણે રાખવી જોઇએ.

**જે વ્યક્તિને મારામાં વિશ્વાસ છે, તે હું જે કરતો આવ્યો છું તે કરશે.**

***-Jesus of Nazareth, quoted in John 14:12***

**અજીત સર**

## John Hopkins Hospital Updates on Cancer…. – Nadia Edreva

ઘણા વર્ષો સુધી કેમોથેરપી જ કેન્સરને દૂર કરવા માટેનો ઉપાય છે એવું કહ્યા પછી હવે જ્હૉન હોપકીન્સે કહેવા માંડયું છે કે હવે કેમોથેરપીનો પણ વિકલ્પ મળી ગયો છે.

૧. દરેક વ્યક્તિના શરિરમાં કેન્સરના કોશો જોવા મળે છે. જે સામાન્ય ટેસ્ટ માં જોઇ શકાતા નથી. પરંતુ તે જ્યારે અબજોમાં પરિણમે છે ત્યારે જ તેને જોઇ શકાય છે. સારવાર આપ્યા પછી જો ડૉક્ટર દર્દીને કહે કે હવે તેના શરિરમાં કેન્સરના કોશ રહ્યા નથી તો સમજવું કે તે કોશ નો આકાર સામાન્ય ટેસ્ટમાં જોઇ શકાય તેટલો નથી.

૨. વ્યક્તિના જીવનપર્યંતમાં કેન્સરના આ કોશો ૬ થી ૧૦ ગણા વધે છે.

૩. જ્યારે વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારે હોય ત્યારે કેન્સરના કોશો નાશ પામે છે અને વધતા અટકીને ગાંઠનું સ્વરૂપ લેતા અટકે છે.

૪. જ્યારે કેન્સરનું નિદાન થાય છે ત્યારે તે શારિરિક ઊણપને જ કારણભૂત છે. પણ ઘણીવાર તે આનુવંશિક કે વ્યક્તિની ખાણીપીણી અને જીવનશૈલીને પણ આધારિત હોય છે.

૫. આ ઊણપને દૂર કરવા વ્યક્તિએ પોતાની ખાણીપીણી બદલવી જોઇએ. દિવસમાં ૪-૫ વખત સમતોલ અને પૌષ્ટિ આહાર લેવો જોઇએ. તેમજ પૂરક દવાઓ પણ લેવી જોઇએ.

૬. કેમોથેરપીથી વધતા કેન્સરના કોશો તો નાશ પામે જ છે પણ સાથે સાથે વ્યક્તિના bone marrow, gastrointestinal tract માં રહેલા સ્વસ્થ કોશો પણ નાશ પામે છે. જેનાથી યકૃત, મૂત્રપિંડ, હ્રદય કે ફેફસાને પણ નુકસાન થાય છે.

૭. રેડીયેશનથી કેન્સરના કોશોની સાથે સાથે સ્વસ્થ કોશો, માંસપેશીઓ કે ઈન્દ્રિયો પણ બળીને નાશ પામે છે.

૮. કેમોથેરપી અને રેડીયેશન લેતી વખતે શરૂઆતમાં કેન્સરની ગાંઠ નાની થતી દેખાય છે. પણ લાંબા ગાળે તે ગાંઠને નષ્ટ કરી શકતું નથી.

૯. કેમોથેરપી અને રેડીયેશનથી શરિરમાં ટૉક્સિન એટલા બધા વધી જાય છે કે તેનાથી વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ ઘટી જાય છે અને વ્યક્તિને કોઇ પણ રોગનો ચેપ તુરંત લાગી જાય છે.

૧૦.કેમોથેરપી અને રેડીયેશનથી કેન્સરના કોશો પરિવર્તિત થઇ પ્રતિશોધક બની જાય છે. અને સર્જરી કરવાથી તો ઘણીવાર તે શરિરમાં અન્ય કોઇ જગ્યાએ પણ ફેલાઇ જાય છે.

## Forgive them Anyway

જો તમે ઉદાર છો તો લોકો તમને સ્વાર્થી હોવાનો દોષ દેશે,
છતાં આમ જ ઉદાર રહેશો.

જો તમે સફળ હશો તો કેટલાક ખોટા મિત્રો અને સાચા દુશ્મનો મેળવશો,
છતાં આમ જ સફળતાને વળગી રહેશો.

જો તમે પ્રમાણિક અને નિખાલસ હશો તો લોકો તમને છેતરશે,
છતાં આમ જ પ્રમાણિક અને નિખાલસ રહેશો.

જે મેળવવા તમે વર્ષો ગુમાવ્યા તેને તેઓ એક રાતમાં નેસ્તાનાબૂદ કરી દેશે,
છતાં આમ જ પ્રયત્નો કરતા રહેશો.

આજે તમે જે સારુ કાર્ય કરશો તેને તેઓ કાલે ભૂલી જશે,
છતાં સારા કાર્યો કરતા રહેશો.

તમારી પાસે જે કંઇ સારુ છે તે દુનિયાને આપશો તો પણ દુનિયાને તે ઓછું જ પડશે,
છતાં જે સારું કંઇ તમે મેળવશો તે દુનિયાને આપતા રહેશો.

છેલ્લે તમને જણાશે કે એ તો તમારી અને ભગવાનની વચ્ચેનો એક સેતુબંધ હતો,
ન કે તમારા અને લોકો વચ્ચેનો વ્યવહાર હતો.

**તમારે અફવા કે અતિશયોક્તિ સાંભળવાની જરૂર નથી, અથવા તો ભલે બીજા લોકો તમારા પર એક સરખા (sterotype) એવી છાપ મારે, તમારે કપડા, બૂટ, ચપ્પલ કે કારની જરૂરત નથી. માત્ર તમારા પોતા પર વિશ્વાસ રાખો અને તમે જેવા છો તેવા જ બની રહો.**

**- Emily Adams**

# રેકિ અને મનોવિજ્ઞાન

- અશ્વિની તેલંગ

**૧. તમે તમારા અસીલ / દર્દીની માનસિક તકલીફોને મૂળમાંથી કાઢી નાખવા માટે કંઈ આધ્યાત્મિક પ્રવૃત્તિઓનો અમલ કરો છો?**

હું રેકિ, ટ્રાન્સેન્ડેન્ડટલ મેડીટેશન તેમજ ખાસ માનસિક અવ્યવસ્થા માટે તૈયાર કરાયેલ ધ્યાન જેવી પદ્ધતિઓનો ઉપયોગ કરતી આવી છું. આધ્યાત્મિક વિજ્ઞાન ને જોતા સમજાય છે કે ચક્રો એ તો ઊર્જાના વમળો છે. આ ચક્રોના ઘેરાવામાંથી જ્યારે સૂઝ કે ભાન પસાર થાય છે ત્યારે આધ્યાત્મની દ્રષ્ટિએ લાગણીઓ સર્જાય છે. આપણે જાણીએ છીએ કે જીવન એ તો લાગણીઓની અવિતરીત / નિરંતર ઊર્જાનો પ્રવાહ છે.

જ્યારે દર્દીની જરૂરિયાત પ્રમાણે આ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તે ઘણા સારા પરિણામો આપે છે. હકિકત માં માનસિક સારવાર દરમ્યાન જે લોકો દિવસની ૧૮ ગોળીઓ લેતા હતા તેમને હવે દવાઓ ઉપર આશ્રિત રહેવાની જરૂર નથી.

**2. તમારા મતે આધ્યાત્મિકતા શું છે?**

મારી સમજ પ્રમાણે આપણા જ્ઞાન ની પેલે પાર અજ્ઞાતની શોધ એટલે આધ્યાત્મિકતા. તે એવી સમજ છે કે જે તત્ત્વથી પરે છે. અને સાથે સાથે એવી જાગૃતિ કે જે તત્ત્વનું મૂળ કારણ પણ છે. આ પ્રમાણે કોઈ તેને વિજ્ઞાન પણ કહી શકે છે અને વિજ્ઞાન નો મૂળભૂત ખ્યાલ પણ આજ છે.

મારા મત પ્રમાણે એ જ્ઞાનને સમજવામાં માટે આપણે જે કંઈ કરીએ તે આધ્યાત્મિકતા છે. તેને ધર્મ સાથે કશી જ લેવાદેવા નથી. આધ્યાત્મિકતા એ સંબંધને સમજવાનું કારણ અને તેની અસર છે. જે અંતમાં કારણ સુધી પહોચાડે છે. જેમા કશુ અનિયંત્રિત નથી.

**3. મનોવિજ્ઞાન અને આધ્યત્મિકતા વચ્ચે શો સબંધ છે?**

મારા મતાનુસાર મનોવિજ્ઞાન અને આધ્યાત્મિકતા વચ્ચે કશો ફરક નથી. આપણે સૌ જાણીએ છીએ કે આપણા જીવનમાં ઘટતી દરેક ઘટના તે આપણી પોતાની સમજ છે. અને આપણી દરેક લાગણી મનોવૈજ્ઞાનિક છે. તેવી જ રીતે આધ્યાત્મિકતા આપણા જન્મ સાથે જોડાયેલી છે. આપણે જીવનમાં જે કંઈ કરીએ તેમાં જો આધ્યાત્મિકતાનું પીઠબળ હોય તો આપણું દરેક કર્મ સંપૂર્ણ જાગૃતિ પૂર્વક થશે.

આપણા જીવનને વિસ્તૃત રીતે જોતા જણાશે કે જીવન એટલે સંવેદનશીલતાની ક્રમબદ્ધ કળી. દરેક ક્ષણે ભૌતિક રીતે આપણે શ્વાસ લઈએ છીએ. અને માનસિક રીતે તેની સંવેદના અનુભવિએ છીએ. આમ શ્વાસ અને સંવેદનાનું સાતત્ય એ જ જીવન છે.

**રેકિએ ડરનો ઉપાય છે. રેકિ ડરને દૂર કરે છે કારણ ડર એ તો માત્ર ક્ષણિક છે ના કે અનંત છે.**

***Randolph Shipon author of a book Reiki Psychology.***

# ગોકાઇ : રેકિના પાંચ સિદ્ધાંતો



ગોકાઈ આર્શિવાદ માટે તાલીમ મેળવતો ઉપચારક

ડૉ. મીકાઓ ઉસુઇ , Reiki Usui System of Natural Healing ના સ્થાપક કે જેમણે પાંચ સિદ્ધાંતો કે ખ્યાલો ની હિમાયત કરીને પૂર્ણ રેકિ સારવાર પદ્ધતિને એક હાર્દ આપ્યું છે. જે સિદ્ધાંતો ને આપણે રેકિના પ્રથમ ડીગ્રીના અભ્યાસમાં સમજ્યા. આ સિદ્ધાંતોને પૂર્ણ રીતે સમજી શક્યા ન હોવાથી તેના માટે વધુ સમય ફાળવવો શક્ય નથી. હકીકતમાં આ સિદ્ધાંતોનો ખરો મર્મ સમજ્યા પછી, વ્યક્તિ જીવનના સિદ્ધાંતોને ચોક્કસ રીતે સમજી શકે છે. આ માત્ર કોઇ ફિલસૂફી ભર્યા વાક્યો નથી. તે તો રેકિ ઉપચાર માટેના નિશ્ચય કે વચનો છે. તમે જાણો છો કે નીચેના સિદ્ધાંતોને આપણે રેકિ ઉપચારક તરીકે વચનબદ્ધ છીએ.

(૧) ફક્ત આજના દિવસ દરમ્યાન હું કૃતજ્ઞતાના ભાવમાં રહીશ.
(૨) ફક્ત આજના દિવસ દરમ્યાન હું ચિંતા નહીં કરું.
(૩) ફક્ત આજના દિવસ દરમ્યાન હું ગુસ્સો નહીં કરું.
(૪) ફક્ત આજના દિવસ દરમ્યાન હું પોતાનું કામ પ્રામાણિકતાથી કરીશ.
(૫) ફક્ત આજના દિવસ દરમ્યાન હું બધા સજીવ પ્રાણીઓ પ્રતિ પ્રેમ અને આદરની ભાવના રાખીશ.

ડૉ. ઉસુઇ દ્વારા બોલાયેલા આ પાંચ સિદ્ધાંતોની ભાષા ભલે આજે બદલાઇ હોય કે ક્રમ ભલે બદલાયો હોય પણ ત્યારથી આજ સુધી તે સિદ્ધાંતો પાછળનો મર્મ કે ભાવનાઓ બદલાઇ નથી. શ્રીમતી ટકાટાએ એ સિદ્ધાંતોને તેજ સ્વરૂપમાં પ્રચાર અને પ્રસાર કર્યો. સંશોધન મુજબ ડૉ. ઉસુઇ એ આ પાંચ ખ્યાલોને સમ્રાટ મેઇજીના જીવનના પાંચ નિયમોમાંથી લીધા છે. પોતાની સંસ્થાના સભ્યોને નૈતિક મૂલ્યોનો પાયો આપવો એ તેની પાછળનું કારણ હોઇ શકે છે. એવું કહેવાય છે કે આ જ કારણથી રેકિ આપણા માટે ફાળવવામાં આવી છે. ના કે એવી સારવાર પદ્ધતિઓ કે જે તેના સ્થાપક સાથે નષ્ટ પામી હોય. આ નૈતિક મૂલ્યો રેકિનું હાર્દ છે અને જેટલા વધારે લોકો (જે રેકિનો દૂરપયોગ કરે છે ) તેને જાણે અને સમજે તેટલું દુનિયાનું વધુ ભલુ થાય. નહિતો સંપૂર્ણ નષ્ટતા એ જ છેલ્લી આશા છે.

સમ્રાટ મીઆજીનાં પાંચ સિદ્ધાંતો કે જે ગોકાઇના નામે ઓળખાય છે તેમાં ગો એટલે પાંચ અને કાઇ એટલે સિદ્ધાંતો જે નીચે મુજબ છે.

| | **ક્યો દેકે વા** | **ફક્ત આજના દિવસે** |
|---|---|---|
| ૧. | ઓકોરુ-ના | ગુસ્સો નહીં કરું |
| ૨. | શીમ્પાઇ સુના | ચિંતા નહીં કરું |
| ૩. | કાન્શા શીતે | કૃતજ્ઞ રહીશ |
| ૪. | ગુ હાજે મે | પોતાનું કામ પ્રામાણિકતાથી કરીશ |
| ૫. | હીતો ની શીન્સેતસુ ની | અન્યો પ્રતિ પ્રેમ અને આદાર રાખીશ |

રેકિના આ નૈતિક સિદ્ધાંતોને મહત્ત્વ આપવા માટે રેકિ સ્ટડી સર્કલ ના પ્રથમ સેશનમાં તેની જ ચર્ચા કરવામાં આવે છે. આપણા બધા જ સેન્ટર્સમાં તાલીમાર્થીઓને આ તાલીમ આપવામાં આવી રહી છે. ગોકાઇ કે જે માનસિક સારવાર માટે એક અસરકાર પદ્ધતિ કહેવાય છે અને જેમણે સેકન્ડ ડીગ્રી કરી હોય તેમને આ જાણકારી રેકિ એનર્જી તરીકે આપવામાં આવે છે.



દેવરૂખ માં ગોકાઈ વિશે જાણકારી આપતી રેકી સ્ટડી સર્કનલની કલ્પીતા કીર



ગોકાઈના ક્લાસમાં તલ્લીન સાધકો

# દેવરૂખમાં મહાશિવરાત્રી

પાછલા કેટલાક વર્ષોથી દેવરૂખમાં મહાશિવરાત્રીનો ઉત્સવ એક અનેરો ઉત્સાહ ધરાવે છે. ગુરુજી ના નિર્ણય મુજબ આ વર્ષથી મહાશિવરાત્રી એક ઉત્સવ રૂપે ઉજવવા માં આવશે નહિ. પરંતુ તે એક તપનું વ્રત હશે કે જેમાં સાધકોએ મહાશિવરાત્રી ના એક મહિના પહેલાથી આ તપના વ્રતોનું પાલન કરવાનું રહેશે. અને આ વર્ષે તો તે એક આકરું તપ બનીને રહ્યું હોવા છતા ૧૧ સાધકોના ૩ ગ્રુપ્સે મળીને ૩૩ સાધકોએ ભાગ લીધો. આ ગ્રુપના નામ ગંગા, ત્રિશુલ અને ડમરુ હતા. આ ત્રણેય ગ્રુપ્સ એ શિવલિંગની પાછળ અભિશેક, મંદિરની સામે આવેલ યજ્ઞકુંડ પાસે ત્રંબક હોમ અને આશ્રમના દ્વાર નજીક કુટીરમાં મહામૃત્યુંજય ના જાપ જેવી વિધિઓને વારાફરતી કરી હતી. આ ધાર્મિક વિધિઓ સળંગ ૭૨ કલાક કરવામાં આવી હતી. આશ્રમનો ખૂણે ખૂણાને આ મહામૃત્યુંજય જાપના રણકારથી એક અનેરી ઊર્જા મળી હતી.

૨૦ ફેબ્રુઆરી, મહાશિવરાત્રીના દિવસે સાધકોએ મળીને દિવા પ્રજ્વલ્લિત કરી જ્યોર્તિલિંગનું એક અનેરુ દ્રષ્ય તૈયાર કર્યું હતું. ત્રણય જગ્યાઓએ આ પ્રસંગ ૧૮ તારીખના સૂર્યોદય થી શરૂ થયો અને ૨૦મી તારીખે રુદ્ર અધ્યાયથી પૂર્ણાહુતિ કરવામાં આવી.






# દેવરૂખમાં મરાઠી રામ ચરિત માનસનું પઠન

પૂજ્ય સ્વામી પ્રદયાનંદ સરસ્વતિ કે જેઓ મહારાષ્ટ્રના ગોસ્વામી તુલસીદાસ તરીકે ઓળખાય છે, તેમણે રામચરિત માનસનું ભાષાંતર કર્યુ છે. મહારાષ્ટ્રના ખૂણેખૂણામાં વસેલા શ્રી રામ ના ભક્તોમાં તેને લોકપ્રિય કરવાના હેતુસર સ્વાજીના અનુયાયી શ્રીમતી રાજેશ્રી (શ્યામલા બાલચંદ્ર દીવાકર) એ ૧૨ ભક્તોની(સ્ત્રીઓ) સાથે હમણા જ ભારતના જુદા જુદા સ્થળોએ ૧૧૧ વખત પઠન કર્યું. આ સંકલ્પ પૂર્ણ થયે મીરાજના શ્રીમતી રેખા પટવર્ધન કે જે સ્વાજીના અનુયાયી છે તેમણે પણ ૧૨ સ્ત્રીઓની ટુકડી લઈને ફરતા ૧૧૧ વખત પઠન કરવાનું નક્કિ કર્યું. આ ટુકડીએ દેવરૂખમાં ૨૭ ફેબ્રુઆરી અને ૨જી માર્ચના સમયમાં પોતાનું ૭૨મું પઠન પૂર્ણ કર્યું. શ્રી સ્વામી સમર્થની સમાધી સામે રોજના ૫ કલાક કરવામાં આવતુ આ પઠન આશ્રમના સાધકો માટે એક મધુર ધુન બની રહ્યું. આશ્રમનું વાતાવરણ એવું તે રામધુનમાં ઊર્જીત થઇ ગયુ કે જાણે આશ્રમ ફરી રામાયણના યુગમાં પહોંચી ગયું હોય.





## આશ્રમ જ્ઞાન આત્મ યજ્ઞ

આપણે નાનપણથી જ રામાયણની વાર્તા સાંભળતા આવ્યા છીએ. આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વામિત્ર મુની તેમના યજ્ઞને દાનવોથી દુષિત થતા અટકાવવા અને રક્ષવા માટે શ્રી રામને પોતાની સાથે લઇ આવે છે. આ પ્રસંગની નાટયાત્મક પ્રસ્તુતીમાં એક મુદ્દો આપણાથી છૂટી જાય છે. આવુ કલ્પી શકાતુ નથી કે મુનીઓ દ્વારા કરી રહાયેલ યજ્ઞમાં દાનવો રક્ત રંચીત હાડકા – માંસ આકાશમાંથી વરસાવે છે. આવી વાત તો કલ્પનાથી પરે છે. આ દાનવો એટલે આકાશમાં ઉડતા બાહ્ય તત્વ નથી. તે આપણા વ્યક્તિત્વના લક્ષણો છે. જેમકે ક્રોધ, ઈચ્છા , વાસના , લોભ વગેરે જે આપણા અંદરથી જ આવે છે. જે આપણા મન અને મસ્તીષ્કની સૂજ અને શક્તિના પ્રવાહને દૂષિત કરે છે. જેના પરિણામે આપણા કર્મો ને દૂષિત કરી આપણા અસ્તિત્વને મલીન કરે છે.

હું માનુ છું ત્યાં સુધી શ્રી રામ પણ કોઇ માનવી કે ઈશ્વર નથી. રામ એ આપણા હ્દયમાં વસેલું પ્રેમનું પ્રતિક છે. આ પ્રેમ અને વિશ્વાસ રામના નામે સહાય કરવા પ્રવૃત કરે છે. આ રાક્ષસી વૃત્તીઓ સામે થવા – અયોધ્યામાં નહીં, પરંતુ પોતાના મનમાં જ યુદ્ધ કરવાની જરૂર છે. ફક્ત સાત્વિક , શુદ્ધ , દોષરહિત મન જ તે કરી શકે છે. વિશ્વામિત્ર મુની સાધક છે જે સમસ્ત વિશ્વ સાથે મૈત્રિક ભાવથી અંતિમ લક્ષ સાધવા આ આધ્યાત્મિક કાર્ય કરી માનવસૃષ્ટિનો સહભાગી બને છે.

ખરાબ સમય આવ્યો છે. આવતા થોડા મહિનાઓમાં સાધકોની આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તરફ રાક્ષસો રક્તરંચીત માંસ અને હાડકાઓ સાથે ધસી આવશે. પરંતુ તેમની પરવા કરવાની જરૂર નથી. માત્ર તમારા હ્દય અને હ્દયમાં વસેલા રામ નો સાથ આપશો. પોતાની અંદર આધ્યાત્મિકતાને પ્રજ્વલિત કરશો જેનાથી તમે રાક્ષસો પર વિજય મેળવી શકશો. તે ધ્યાનમાં રાખી શ્રદ્ધા અને વિશ્વાસને કાયમ રાખશો. નહીતર તમારું એ યજ્ઞ અસ્તવ્યસ્ત અને નષ્ટ પામશે. તમારે તમારી સાધનાને ફરી પ્રયોજવી પડશે. માટે તકેદારી સાથે તમારા હ્દય નો સાથ આપશો.

**તેવી વ્યક્તિ બનશો જેને તમે મળવા માગો છો કારણ કે તેને મળવા જ તમે અહિં આવ્યા છો. બાકી બધા મિથ્યા છે. તમે કોણ બનવા માગો છો, તમે કોના જેવા બનવા માગતા નથી અને તમે શું બની રહ્યા છો. પોતાના માટે સમય ફાળવો, પોતાને સન્મુખ થાઓ અને સ્વખોજ કરો.**

- ***Dr Jeff Mullan***

## રેકિ સેમિનારનું સમયપત્રક

| ક્રમ | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૩,૪ માર્ચ | વડોદરા | અજીત સર | પ્રથમ |
| ૨ | ૬,૭ માર્ચ | વડોદરા | અજીત સર | દ્વિતિય |
| ૩ | ૧૭,૧૮ માર્ચ | દેવરૂખ | અજીત સર | પ્રથમ |
| ૪ | ૩૧ માર્ચ અને ૧ એપ્રિલ | થાણે | અજીત સર | પ્રથમ |
| ૫ | ૭,૮ એપ્રિલ | વડોદરા | અજીત સર | પ્રથમ |
| ૬ | ૧૪,૧૫ એપ્રિલ | નાશિક | અજીત સર | દ્વિતિય |
| ૭ | ૨૧,૨૨ એપ્રિલ | દેવરૂખ | અજીત સર | પ્રથમ |
| ૮ | ૨૮,૨૯ એપ્રિલ | મુંબઈ | અજીત સર | પ્રથમ |